પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૪ | ૨૫ એપ્રિલ, ૨૦૨૨, સોમવાર; ચૈત્ર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારતની ચીની નાગરિકોના ટુરિસ્ટ વિઝા પર રોક

## ડ્રેગનને ભારતે આપ્યો વળતો જવાબ : ભારતે આ નિર્ણય એ સમયે લીધો છે જ્યારે ચીને ભારતના ૨૦ હજાર વિદ્યાર્થીઓને પરત ચીન આવવા દેવાની મંજુરી નથી આપી

નવી દિલ્હી, તા.૨૪

ભારતે ચીની નાગરિકોના ટુરિસ્ટ વિઝા પર રોક લગાવી દીધી છે. આંતરાષ્ટ્રીય હવાઈ પરિવહન સંઘે કહ્યું કે, ચીની નાગરિકોને અપાયેલા ભારતીય ટુરિસ્ટ વિઝા હવે માન્ય નહીં ગણાય. ભારત સરકારના આ નિર્ણયને ચીનને આપેલા જડબાતોડ જવાબ તરીકે જોવામાં આવી રહ્યો છે. ભારતે આ નિર્ણય એ સમયે લીધો છે જ્યારે, ચીન ભારતના ૨૦ હજાર વિદ્યાર્થીઓને પરત ચીન આવવા દેવાની મંજુરી નથી આપી. કોરોના મહામારી શરુ થઈ ત્યારે ભારતના ઘણા વિદ્યાર્થીઓ ચીનમાં ફસાયા હતા. એ સમયે ભારત સરકારે ચીનમાં અભ્યાસ કરતા આ વિદ્યાર્થીઓનું રેસ્ક્યુ કર્યું હતું. હવે કોરોનાની સ્થિતિ સમાન્ય થઈ છે ત્યારે ચીન ભારતના ૨૦ હજાર વિદ્યાર્થીઓને પરત આવવાની મંજુરી નથી આપી રહ્યું. વિદેશ મંત્રી એસ. જયશંકરે માર્ચ મહિનામાં ચીનના વિદેશમંત્રી વાંગ યી સામે આ મુદ્દો ઉઠાવ્યો હતો. પરંતુ ચીન તરફથી આ મામલે કોઈ પ્રતિક્રિયા નથી આપવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, ચીનમાં કોરોનાની નવી લહેર આવી ચુકી છે અને લોકો ઝડપથી સંક્રમિત થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં પણ ચીને થાઈલેન્ડ, પાકિસ્તાન સહિત શ્રીલંકાના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પરત ચીન આવવા માટે મંજુરી આપી દીધી છે. પરંતુ ભારતના વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ કરીને તેમને ચીનમાં આવીને અભ્યાસ પુર્ણ કરવાની મંજુરી હજી સુધી નથી આપી. ત્યારે હવે ભારતે ચીની નાગરિકોના ટુરિસ્ટ વિઝા પર રોક લગાવાના નિર્ણયને ચીનને આપેલા વળતા જવાબ તરીકે જોવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ભારતે કેનેડા અને યુકેના લોકોને પણ ઈ-ટુરિસ્ટ વિઝા પર ભારત આવવા પર રોક લગાવી છે.

# સાંસદ નવનીત રાણા-ધારાસભ્ય રવિ રાણાને ૧૪ દિવસની જેલ

મુંબઈ, તા.૨૪

બાંદ્રાની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની હોલિડે એન્ડ સન્ડે કોર્ટે અમરાવતીના સાંસદ નવનીત રાણા અને ધારાસભ્ય રવિ રાણાને ૧૪ દિવસની ન્યાયિક



કસ્ટડીમાં મોકલી દીધા છે. અગાઉ અમરાવતીના સાંસદ નવનીત રાણા અને તેમના પતિ ધારાસભ્ય રવિ રાણાને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા જ્યાં ખાર પોલીસ દ્વારા ઓન રિમાન્ડ અરજી પર સુનાવણી શરૂ થઈ હતી.


મુંબઈઃ મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે બાંદ્રા કોર્ટે સાંસદ નવનીત કૌર રાણા અને તેમના પતિ રવિ રાણાને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. હવે ૧૪ દિવસ બાદ ૬ મેના રોજ આ કેસની આગામી સુનાવણી હાથ ધરવામાં આવશે. મુંબઈ પોલીસ દ્વારા રાણા દંપતી પર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો છે, જેના પર તેમના વકીલે વાંધો ઉઠાવ્યો છે અને ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. નવનીત અને રવિ રાણાના વકીલ રિઝવાન મર્ચન્ટે જણાવ્યું હતું કે અમરાવતીના સાંસદ નવનીત રાણા અને પતિ ધારાસભ્ય રવિ રાણાને બાંદ્રા મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. જામીન અરજી પર સુનાવણી ૨૯ એપ્રિલે રાખવામાં આવી છે. મુંબઈ પોલીસે ૨૭ એપ્રિલે જામીન અરજી પર પોતાનો પક્ષ રજૂ કરવા જણાવ્યું છે. હનુમાન ચાલીસાના વિવાદમાં નવનીત રાણા અને રવિ રાણાની ધરપકડ કરવામાં આવી હતી. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ બાંદ્રાની હોલિડે એન્ડ સન્ડે કોર્ટે અમરાવતીના સાંસદ નવનીત રાણા અને ધારાસભ્ય રવિ રાણાને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે.

# જમ્મુ-કાશ્મીરમાં ૨૦ હજાર કરોડના વિકાસકાર્યોનું વડાપ્રધાને ઉદ્‌ઘાટન કર્યું

## યુવાનોને તેમના વિકાસ માટે વચન પણ આપ્યું : અહીં વિશાળ ટર્નલ પણ જનતા માટે વડાપ્રધાન મોદી દ્વારા ઉદ્ઘાટન પછી ખુલ્લી મૂકવામાં આવી છે : ૩૭૦ની કલમ દૂર થયા બાદ વિકાસને મજબૂતી મળી છે : મોદી

નવી દિલ્હી, તા.૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જમ્મુ અને કાશ્મીરના પ્રવાસે છે. કલમ ૩૭૦ હટ્યા બાદથી તેમનો આ પહેલો જમ્મુ કાશ્મીર પ્રવાસ છે. પીએમ મોદીએ જમ્મુ કાશ્મીરમાં લગભગ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા. ત્યારબાદ પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે હું અહીં વિકાસનો સંદેશ લઈને આવ્યો છું. જમ્મુ અને કાશ્મીરમાં વિકાસને ગતિ આપવા માટે આજે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરાયું છે. પીએમ મોદીએ કાશ્મીરી યુવાઓને વચન આપ્યું અને કહ્યું કે દાદા-દાદીએ જે મુસીબતો ઝેલવી પડી તે તમને સહન કરવા નહીં દઉ.




પંચાયતી રાજ દિવસના અવસરે સાંબા જિલ્લાની પલ્લી પંચાયતમાં લોકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આ જગ્યા મારા માટે નવી નથી. જમ્મુ અને કાશ્મીરના વિકાસને ગતિ આપવા માટે ઝડપથી કામ ચાલુ છે. તેમણે કહ્યું કે આ વખતે પંચાયતી રાજ દિવસ જમ્મુ કાશ્મીરમાં ઉજવવો એક મોટા બદલાવનું પ્રતિક છે. લોકતંત્ર જયારે જમ્મુ અને કાશ્મીરમાં ગ્રાસ રૂટ સુધી પહોંચ્યો છે તે ગર્વની વાત, ત્યારે અહીંથી હું દેશભરની પંચાયતો સાથે સંવાદ કરી રહ્યો છું.

પીએમ મોદીએ કહ્યું કે આઝાદીનો આ અમૃતકાળ ભારત માટે સ્વર્ણિમ થનાર છે. આ સંકલ્પ બધાના પ્રયત્નોથી સિદ્ધ થવાનો છે. તેમા લોકતંત્રની સૌથી ગ્રાઉન્ડ યુનિટ, ગ્રામ પંચાયત, તમારા બધાની ભૂમિકા ખુબ મહત્વની છે. સરકારની કોશિશ એ છે કે ગામડાના વિકાસ સાથે જોડાયેલા દરેક પ્રોજેક્ટને પ્લાન કરવા અને તેના અમલમાં પંચાયતની ભૂમિકા વધુ હોય. તેનાથી રાષ્ટ્રીય સંકલ્પોની સિદ્ધિમાં પંચાયત મહત્વની કડી બનીને ઉભરશે.

### નરેન્દ્ર મોદીને ફિલ્મ અભિનેતા અનુપમ ખેર મળ્યા

નવી દિલ્હી, તા.૨૪

'ધ કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મના અભિનેતા અનુપમ ખેરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી, જેની તસવીરો તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે.

આ મુલાકાત દરમિયાન અભિનેતા અનુપમ ખેરે પોતાના માતા દુલારી દ્વારા મોકલવામાં આવેલી ભેટ પણ આપી. આ ભેટ દુલારીજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષા માટે મોકલી છે.

અનુપમ ખેરે સોશિયલ મીડિયા પર તસવીરોની સાથે કેપ્શનમાં વડાપ્રધાનના વખાણ પણ કર્યા છે. તેમણે લખ્યું છે કે, આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી. આજે તમને મળીને મન અને આત્મા બન્ને પ્રસન્ન થયા. તમે દેશ માટે, દેશના લોકો માટે દિવસ રાત જે કામ અને મહેનત કરો છો, તેના માટે તમારો આભાર વ્યક્ત કરવાની તક મળી. જે શ્રદ્ધા સાથે તમે મારા માતા દ્વારા તમારી રક્ષા માટે આપવામાં આવેલી રુદ્રાક્ષની મળાનો સ્વીકાર કર્યો તે હું અને દુલારીજી હંમેશા યાદ રાખીશું.

# લખીમપુર ખીરી કાંડના આરોપી આશિષ મિશ્રાએ સરેન્ડર કર્યું


## આશિષ મિશ્રાને ફરી જેલ મોકલાયો : સોમવારે કોર્ટની છેલ્લી તારીખ હતી, પરંતુ તેના પહેલાં રવિવારે આશિષ મિશ્રાએ કોર્ટમાં પહોંચીને સરેન્ડર કર્યું

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રીના પુત્ર અને લખીમપુર ખીરી કેસના મુખ્ય આરોપી આશિષ મિશ્રા ઉર્ફે સોનુએ આખરે કોર્ટમાં સરેન્ડર કર્યું છે.

આ પહેલાં સુપ્રીમ કોર્ટે આશિષ મિશ્રાના જામીન ફગાવ્યા હતા અને આશિષ મિશ્રાને એક અઠવાડિયામાં કોર્ટમાં હાજર થવા માટે કહેવામાં આવ્યું છે. જે બાદ આરોપી આશિષ મિશ્રાએ મેજિસ્ટ્રેટ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે.


સોમવારે કોર્ટની છેલ્લી તારીખ હતી, પરંતુ તેના પહેલાં જ રવિવારે આશિષ મિશ્રાએ કોર્ટમાં પહોંચીને સરેન્ડર કર્યું હતું. જે બાદ ફરી એકવાર આશિષ મિશ્રાને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. લખીમપુર ખીરીના આરોપીઓએ આત્મસમર્પણ કર્યા બાદ વિસ્તારમાં પોલીસ ફોર્સ ગોઠવી દેવમાં આવી છે. જોકે પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે, આરોપી



આશિષ મિશ્રા ૨૫ એપ્રિલ સોમવારે કોર્ટમાં સરેન્ડર કરવા જઈ રહ્યો છે.

જણાવી દઈએ કે, લખીમપુર ખીરીમાં ચાર ખેડૂતોને કચડી નાખવાના આરોપી આશિષ મિશ્રાની આ કેસમાં સુપ્રીમ કોર્ટની ઝાટકણી બાદ ધરપકડ કરવામાં આવી હતી. આ પછી, જ્જૈએ આશિષ વિરુદ્ધ હત્યાનો કેસ નોંધવાની ભલામણ કરી, સાથે જ જામીનનો વિરોધ કર્યો હતો. પરંતુ ચાર મહિના જેલમાં રહ્યા બાદ આરોપી આશિષ મિશ્રાને હાઈકોર્ટમાંથી કેટલીક શરતો સાથે જામીન મળી ગયા હતા.

લખીમપુર ખીરી કેસના મુખ્ય આરોપીને જામીન આપવાનો ઘણો વિરોધ થયો હતો. ખેડૂત સંગઠનોએ તાત્કાલિક તેના જામીન રદ કરવાની માંગ કરી હતી. આ સાથે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આ મામલે ગંભીર વલણ અપનાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હાઈકોર્ટે અસરગ્રસ્તો અને ભોગ બનેલા લોકોની બાજુ કેવી રીતે જોઈ તે અંગે અમે ચિંતિત છીએ.




Sold 39.62 million pairs between Fiscals 2019 and 2021 · 15% market share by value in Fiscal 2020 touching approximately 17% in Fiscal 2021 · D2C online retail channels sold more than 7 million pairs since Fiscal 2019 up to December 31, 2021 · Focus on design innovation through fashion forward approach · Network of 425 distributors directly servicing orders of over 19,200 retailers as of December 31, 2021 · 5 manufacturing facilities with installed annual capacity for assembly of 28.80+ million pairs & raw material for uppers 100% centrally sourced · Wide portfolio of 1433 active styles for men, 241 for women and 485 for kids and children as of December 31, 2021

Campus

Campus Activewear Limited

*Source: Industry Report titled "Report on Footwear Retail in India" dated April 7, 2022, issued by Technopak Advisors Private Limited ("Technopak Report").*Largest sports and athleisure footwear brand in India, both in terms of value and volume in Fiscal 2021 and fastest growing scaled sports and athleisure footwear brand (scaled brands being brands with over ₹ 2 billion of revenue in Fiscal 2019) in India over Fiscal 2019 to Fiscal 2021.+As of December 31, 2021.*

**Top 5 Risk Factors as per the RHP : 1. The Offer Price, market capitalization to revenue multiple and price to earnings ratio based on the Offer Price of our Company, may not be indicative of the market price of our Company on listing or thereafter. 2. There have been volatile fluctuations in our revenues and financial parameters such as profit after tax margin, Earnings before interest, taxes, depreciation and amortization ("EBITDA") margin and Gross margin in the past. There is no guarantee that these will improve in the future and our Company will be able to generate higher returns. 3. We may not be able to maintain our financial parameters such as Return on Capital Employed (ROCE) in the future. 4. We are reliant on our trade distribution and our direct-to-consumer channels for a majority of our sales, any disruptions to the operations of these channels or our limitations on our ability to expand and grow this channel may adversely affect our sales, cash flows and profitability. 5. The sports and athleisure footwear industry is highly competitive, and if we fail to compete effectively, our business, results of operations and financial condition may be adversely affected.**

**Campus Activewear Limited** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares (the "**Equity Shares**"), and has filed a draft red herring prospectus dated December 24, 2021 (the "**DRHP**") with the Securities and Exchange Board of India ("**SEBI**") and a red herring prospectus dated April 18, 2022 ("**RHP**") with the Registrar of Companies, Delhi & Haryana at New Delhi. The DRHP and RHP is available on the website of SEBI at www.sebi.gov.in and the website of the Book Running Lead Managers, JM Financial Limited, BofA Securities India Limited, CLSA India Private Limited and Kotak Mahindra Capital Company Limited at www.jmfl.com, www.ml-india.com, www.india.clsa.com and www.investmentbank.kotak.com, and the websites of BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively. Any potential investor should note that investment in Equity Shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP, including the section titled "Risk Factors" on page 32 of the RHP. Potential investors should not rely on the DRHP for any investment decision.

The Equity Shares offered in the Offer have not been, and will not be, registered under the U.S. Securities Act and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from the registration requirements of the U.S. Securities Act, and (ii) outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

# મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની માંગણી કરાઈ

## મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને કહ્યા નવા દાઉદ : દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસનની માંગ કરી

મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્રમાં તાજેતરમાં ચાલી રહેલા હનુમાન ચાલીસા વિવાદ ચર્ચામાં છે. ભાજપ પક્ષ મહારાષ્ટ્રમાં શિવસેના સરકાર પર સતત નિશાન સાધી રહી છે. ભાજપ નેતા નિતેશ રાણાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધતા તેમને નવા દાઉદ ગણાવ્યા છે. આ ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની માંગ કરી છે.

શનિવારે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના ઘર માતોશ્રી બહાર અમરાવતી અપક્ષ સાંસદ નવનીત રાણા અને તેમના પતિ રવિ રાણાએ હનુમાન ચાલીસા વાંચવાની ચેલેન્જ આપી હતી. ત્યારબાદ શિવસેનાએ રાણા દંપતિના ઘરને ઘેરી નારા લગાવ્યા હતા. આ સાથે જ શિવસેનાએ પોલીસ બેરિકેડીંગ તોડી હતી. એટલું જ નહીં સાંસદ નવનીત રાણા અને તેના પતિ રવિ રાણાને ધાર્મિક ભાવનાઓ ભડકાવવાના આરોપમાં કોર્ટે ૧૪ દિવસ માટે જેલમાં મોકલી દીધા. મહારાષ્ટ્રમાં છેલ્લા બે દિવસમાં ભાજપના બે નેતાઓ પર હુમલો થયો. આ ઘટના બાદ ભાજપ નેતા નિતેશ રાણાએ સરકાર પર નિશાન સાધતા કહ્યું- મુંબઈમાં ગંગવોરની સ્થિતિ છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે નવા દાઉદ છે. હું મહારાષ્ટ્રના ગૃહમંત્રી મહા એચએમ દિલીપ વલસે પાટિલને રજા પર જાવ વિનંતી કરું છું. તેમણે વધુમાં કહ્યું કે, ભાજપને એક દિવસ માટે કાયદા-વ્યવસ્થા સંભાળવા માટે આપો, પછી જુઓ. મહારાષ્ટ્રના ગૃહમંત્રી દિલીપ વલસે પાટિલે કહ્યું કે, રાજ્યમાં કાયદો વ્યવસ્થા બરોબર છે, પરંતુ સરકારની છબી ખરાબ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

### ક્રિકેટના ભગવાન ગણાતાં સચિન ૪૯ વર્ષના થયા

મુંબઈ, તા.૨૪

ભારતના મહાન બેટ્સમેન અને ક્રિકેટના ભગવાન ગણાતાં સચિન તેંડુલકર ૪૯ વર્ષના થઈ ગયા છે. ૨૪ એપ્રિલ ૧૯૭૩ના રોજ સચિનનો જન્મ મુંબઈમાં થયો હતો.

હાલ તે મુંબઈ ઈન્ડિયન્સના બાયો બબલમાં પોતાનો બર્થ-ડે ઉજવી રહ્યા છે. કેમ કે તેઓ પાંચ વખતની ચેમ્પિયન મુંબઈની ટીમના મેન્ટર છે.

ઈન્ડિયન પ્રીમિયર લીગ અને ફ્રેન્ચાઈઝીએ તેમના બર્થ-ડે પર ખાસ સેલિબ્રેશનનું આયોજન કર્યું છે. એક વિડીયો સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવ્યો છે, જેમાં મુંબઈ ઈન્ડિયન્સના તમામ યુવા ખેલાડીઓ સચિનને જન્મદિનની શુભકામના પાઠવી રહ્યા છે.